રા.મ.ન.પા/ વે.વ /સે.ઝો/જા. નં.૪૨૯ તારીખ : ૧૬ / ૦૭ /૨૦૨૬

વિષય : તા.૨૦/૦૭/૨૦૨૬ના રોજ યોજાનાર જનરલ બોર્ડમાં સભ્યશ્રી દ્વારા રજુ કરેલ પ્રશ્નનો જવાબ

સભ્યશ્રીનું નામ :શ્રીમતી કંકુબેન કાનજીભાઈઉધરેજા, વોર્ડ નં-૦૪

| પ્રશ્ન નં. | પેટા પ્રશ્ન નં. | પ્રશ્નની વિગત | જવાબ |
|---|---|---|---|
| ૨૫ | - | રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલા સ્લમ એરિયામાં મિલકતના વેરાની આકારણીની કામગીરી બંધ છે,જેથી લોકોને હાલાકીનો સામનો કરવો પડે છે. સ્લમ એરિયામાં મિલકતના વેરાની આકારણીની કામગીરી ક્યારથી શરુ થશે? | રાજકોટ મહાનગરપાલિકાની વેરાવસુલાત શાખા દ્વારા સ્લમ એરિયા સહિતના તમામ વિસ્તારોમાં આકારણીની કામગીરી ક્યારેય બંધ કરવામાં આવતી નથી.<br><br><u>આકારણી ની પ્રક્રિયા:-</u><br><br>રાજકોટ મહાનગરપાલિકાની હદમાં આવેલ મિલકતોને રિક્વીઝીશન નોટીસ આપીને અથવા અરજદારની અરજીના આધારે આકારણીની પ્રક્રિયા શરૂ થાય છે.અરજદારની અરજી સાથેના જરૂરી ડોકયુમેન્ટની ઇન્સપેક્ટરશ્રી દ્વારા ચકાસણી કરવામાં આવે છે. જો જરૂરી આધાર-પૂરાવા રજુ કરેલા ન હોય તો તે પૂરા પાડવા અરજદારશ્રીને જાણ કરવામાં આવે છે.જે રજુ કર્યાબાદ માપણી કરી નિયત પ્રક્રિયા અનુસાર બીલ જનરેટ કરી ખાસ નોટીસની અરજદારશ્રીને બજવણી કરવામાં આવે છે. ખાસ નોટીસ સામે વાંધાઓ રજુ કરવા ૧૫ દિવસનો સમય આપવામાં આવે છે. જો નિયત સમય મર્યાદામાં વાંધાઓ રજુ ન કરવામાં આવે તેવા સંજોગોમાં આકરણીની પ્રકિયા પૂર્ણ થયેલ ગણવામાં આવે છે.<br><br><u>આકારણી માટે ના આધારો:</u><br><br>➢સુચીત અને મફતીયાપરાની મિલકતો માટે:<br>૧. જમીન/સોસાયટીનું નોટરાઈઝડ લખાણ<br>૨. વિજ કનેકશન રીલીઝ સર્ટી<br>૩. વેરો ભરવાથી માલિકી હક રહેતો નથી. તેવું સોગંદનામું<br>૪. બાંધકામ કર્યાનો કરાર તથા મટિરિયલના બિલો તેમજ સરકારી જમીનોમાં કલેક્ટર ઓફીસ/ટાઉન પ્લાનિંગ શાખા તરફથી મળેલ “નો ઓબઝેકશન સર્ટીફીકેટ” રજુ કરવાનું રહેશે.<br><br>ઉક્ત દર્શાવેલ આધાર પુરાવો પૈકી લાગુ પડતા આધાર પુરાવા રજુ કર્યેથી સ્લમ સહિતના તમામ વિસ્તારોમાં નિયમિત રીતે |

| | | | |
|---|---|---|---|
| | | | આકારણીની પ્રક્રિયા કરવામાં આવે છે.<br>**મિલકત ની આકારણી ની વિગત:**<br>વેરાવસૂલાત શાખા દ્વારા ગત નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન કુલ ૧૫,૭૦૫ નવી આકારણી તથા કુલ ૫,૯૭૫ રીવાઈઝ આકારણી કરવામાં આવેલ હતી. અને ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ દરમિયાન આજદીન સુધી(તા.૧૪-૦૭-૨૦૨૬)માં કુલ ૪,૮૧૬ નવી આકારણી તથા કુલ ૧,૫૯૦ રીવાઈઝ આકારણી કરવામાં આવેલ છે.<br>સ્લમ એરીયાની આકારણી માટે અલગથી કોઈ જોગવાઈ નથી પણ સ્લમ એરિયાનીમિલકતોની આકારણી અન્ય વિસ્તારની માફક મિલકતના વેચાણ અંગેના ઉત્તરોત્તર આધારો, બાંધકામના આધારો, વપરાશના આધારો તથા સૂચિત તેમજ સરકારશ્રી હસ્તકની જમીનના કિસ્સામાં ક્લેક્ટરશ્રીનું તથા રાજકોટ મહાનગરપાલિકાની માલિકીની જમીનના કિસ્સામાં ટી.પી. શાખાનું એન.ઓ.સી. લઈ આકારણી કરવામાં આવે છે.<br>વધુમાં, રાજકોટ મહાનગરપાલિકાની આકારણીના રેકર્ડનો ઉપયોગ મિલકતધારક દ્વારા પી.જી.વી.સી.એલ/ગેસ કનેક્શન માટે તથા પોલીસ અને કોર્ટ દ્વારા મિલકતોની ઓળખ માટે આધાર લેવામાં આવે છે તથા ભુતકાળમાં રાજકોટ મહાનગરપાલિકાની આકારણીનો આધાર લઈ ગેરકાયદે દબાણ દૂર કરવાની પ્રક્રિયામાં સ્ટે ઓર્ડર આપવાના અનુભવોને ધ્યાને લઈ નિયત એન.ઓ.સી. મેળવ્યા બાદ જ આકારણીની પ્રક્રિયા કરવામાં આવે છે પરંતુ એન.ઓ.સી મેળવવામાં વિલંબ તથા સ્થાનિક સંજોગોમાં ઘણી વખત આકારણીની કામગીરીમાં વિલંબ થતો હોય છે જેનો સત્વરે નિકાલ કરવામાં આવશે.<br>વિશેષમાં, સ્લમ વિસ્તારો મોટા ભાગે સરકારી જમીન/ખરાબામાં બનાવવામાં આવેલ હોય, કોઈપણ સમયે ડિમોલિશનને પાત્ર બને છે. જેથી આવી મિલકતોનો વેરો વસૂલ થઈ શકતો નથી અને ખોટું માંગણું પણ વધતું રહે છે. તેમજ ડિમોલિશન સમયે આ વિસ્તારના મિલકત ધારકો પણ વેરા-બીલને લાંબા સમયના રહેઠાણના પુરાવારૂપે રજુ કરી કોર્ટમાંથી સ્ટે મેળવવાના પ્રયાસો કરતા હોય છે તેથી જ ભવિષ્યમાં આકારણીને કારણે કોઈ કાયદાકીય પ્રશ્નો ઉભા ન થાય એ હેતુથી એન.ઓ.સી. મેળવી આકારણી કરવામાં આવતી હોય છે. |

શાખા: વેરા-વસુલાત

શાખાધિકારીની સહી: (signature)

શાખાધિકારીનું નામ: બી.એ.પુરોહિત

હોદ્દો:મેનેજર